This Question Booklet Contains 16 Printed Pages.

**Dy.S.O./Dy.Mamlatdar, Class-III**
**Advt.No.94/11-12, DATE : 22-01-2012**

| | |
|---|---|
| સમય : 60 મિનિટ | Time : 60 Minutes |
| કુલ પ્રશ્નો : 100 | Total Que. : 100 |
| કુલ ગુણ : 100 | Total Marks : 100 |

0095015

ઉમેદવારનો સીટ નંબર

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |

# C

## ઉમેદવારોને સૂચના

(01) **આ પ્રશ્નપુસ્તિકામાં કુલ 100 પ્રશ્નો છે. દરેકના સરખા ગુણ છે.**

(02) **1થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તુરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.**

(03) **આ પાના ઉપર આપનો બેઠક નંબર લખો.**

(04) **આપ કોઈના ઉત્તરની નકલ કરશો નહિ, તેમજ આપના ઉત્તરની નકલ કરવા દેશો નહિ.**

(05) પરીક્ષાર્થીઓને પરીક્ષાખંડ / હોલમાં, પ્રવેશપત્ર સિવાય કોઈ પણ પ્રકારના હસ્તલિખિત, છાપેલ પુસ્તક કે કાગળની ચિઠ્ઠી, પેપર, મોબાઈલ-સેલ ફોન કે કોઈ પણ પ્રકારના ઈલેક્ટ્રોનિક સાધનો લઈ જવાની કે ઉપયોગ કરવાની અનુમતિ નથી.

(06) પ્રશ્નોના જવાબો અલગ જવાબવહીમાં આપવાના રહેશે. જેને માટે નિરીક્ષક દ્વારા આપને **કોમ્પ્યુટરાઈઝ્ડ ખાસ પ્રકારની જવાબવહી** આપવામાં આવશે. ઉમેદવારને જવાબવહી મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો ઉમેદવાર ફોજદારી ગુનાને પાત્ર બનશે. સૌ પ્રથમ આપે જવાબવહી ઉપર દર્શાવેલ નિયત ખાનામાં (English) અંગ્રેજીમાં પરીક્ષાનું નામ, પરીક્ષાની તારીખ, કેન્દ્ર, જન્મતારીખ, પરીક્ષાર્થીનું નામ (અટક પહેલાં લખવી), રોલ નંબર (બેઠક નંબર) તથા વિષય ફક્ત ભૂરી(**Blue**) અથવા કાળી(**Black**) શાહીની બોલપેનથી (**English**) અંગ્રેજીમાં લખીને નિયત ખાનામાં પોતાની સહી કરવાની રહેશે. આ વિગતોની ચકાસણી બાદ નિરીક્ષક તેમની સહી કરશે. જો વિગતો ભરવામાં નહિ આવે તો આપની જવાબવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહિ અને શૂન્ય ગુણ આપવામાં આવશે. જવાબવહીના **પાછળના ભાગમાં રોલ નંબર (બેઠક નંબર), પ્રશ્નપુસ્તિકા સિરીઝ અને પ્રશ્નપુસ્તિકા નંબરના ખાનામાં લાગુ પડતી સાચી વિગતો ફક્ત ભૂરી અથવા કાળી શાહીની બોલપેનથી જ વર્તુળ પૂરેપૂરું ડાર્ક (encode) કરીને આપવી. જવાબ સુનિશ્ચિત કર્યા બાદ જ વર્તુળમાં બોલપેનથી ડાર્ક કરવું. વર્તુળ ડાર્ક કરવામાં થોડું પણ રહી જશે તો શક્ય છે કે ઓટોમેટીક મશીન / રીડર તેની નોંધ લેશે નહિ / તેને વાંચી શકશે નહિ. આથી ઉમેદવારે સાચા જવાબવાળા વર્તુળને પૂરેપૂરું ડાર્ક કરવાનું યાદ રાખવું અને વર્તુળનો કોઈ ભાગ ડાર્ક કરવાનો સહેજ પણ રહી ન જાય તે ખાસ ધ્યાન રાખવું. આ પ્રમાણે પૂરેપૂરું વર્તુળ ડાર્ક ન કરવાને કારણે કોઈ જવાબ ઓટોમેટીક મશીન / રીડર દ્વારા નોંધ લેવામાં આવશે નહિ તો તે માટેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. આ બાબતે આયોગની કોઈ જવાબદારી રહેશે નહિ.**

(07) આ પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી છે. દરેક પ્રશ્નના ઉત્તરમાં **A, B, C, D** વિકલ્પો આપેલા છે. તેમાંથી સાચો વિકલ્પ શોધી જવાબવહીમાંસંબંધિતપ્રશ્નનાક્રમ નીચેઆપેલ**A, B, C** કે **D**ના **વર્તુળને પૂરેપૂરું ભૂરી/કાળી શાહીની બોલપેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઈ પણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસવામાં આવશે નહિ અને આપોઆપ ''શૂન્ય'' ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ.**

**ઉદાહરણ તરીકે :**

મહાત્મા ગાંધીનું જન્મ સ્થળ કયા નામે ઓળખાય છે.

(A) (B) ● (D)

| | | | |
|---|---|---|---|
| (A) | જગમંદિર | (B) | મહાત્મા મંદિર |
| (C) | કિર્તી મંદિર | (D) | ગાંધી મંદિર |

આ ઉદાહરણમાં સાચો જવાબ (C) છે. આથી (C)નું વર્તુળ ડાર્ક (**encode**) કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં ''**કિર્તી મંદિર**'' લખવું નહિ.

(08) એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહિ.

(09) જવાબવહીમાં આપે નીચે પૈકીની કોઈ પણ ભૂલ કરેલ હશે તો આપની જવાબવહી તપાસવામાં આવશે નહિ અને શૂન્ય ગુણ આપવામાં આવશે.

(01) **જવાબવહીમાં વિગતો ભૂરી/કાળી શાહીવાળી બોલપેન સિવાય અન્ય રીતે આપેલ હશે.**

(02) **જવાબવહીમાં રફકામ કરેલ હશે.**

(03) **જવાબવહીમાં ભરવાની કોઈ પણ કોલમની વિગતમાં કોઈ ભૂલ કરેલ હશે કે રોલ નંબર, પ્રશ્નપુસ્તિકા સિરીઝ અને પ્રશ્નપુસ્તિકા નંબર ખોટા લખેલ હશે કે ખોટા એન્કોડ (encode) કરેલ હશે.**

(04) **જવાબવહીમાં થયેલ ભૂલો સુધારવા માટે કરેકશન ઈન્ક, કરેકશન ફ્લ્યુડ, કરેકશન પેન, ઈરેઝર કે બ્લેડનો ઉપયોગ કરેલ હશે.**

(10) **આ જવાબવહી કોમ્પ્યુટર દ્વારા તપાસવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી.** પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફકામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ. જવાબવહીમાં કંઈ પણ રફવર્ક કરવું નહિ. **પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઈ છે.**

(11) પ્રશ્નપુસ્તિકાના કોઈ પૃષ્ઠ ફાડવાં કે જુદાં કરવાની મનાઈ છે.

(12) **પરીક્ષાખંડ છોડતા પૂર્વે જવાબવહી (OMR Answer Sheet) નિરીક્ષકને સોંપવી, જ્યારે પ્રશ્નપુસ્તિકા ઉમેદવારો લઈ જઈ શકશે.**

(13) **આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબના કિસ્સાઓમાં જે તે જવાબના નિશ્ચિત ગુણના એક તૃતીયાંશ ગુણ મેળવેલ ગુણમાંથી કાપવામાં આવશે. એટલે કે ખોટા જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.**

(14) આ સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

1 દૂધાળાં જાનવરોમાં કયા પ્રકારના રોગને લીધે ખેડૂતોને દૂધનું ઉત્પાદન ઓછું મળે છે ?

(A) મસ્ટાઇસ (B) ડીફાર્મેટી

(C) બેક્ટેરીયલ કાઉન્ટ (D) સોમેટીક સેલ

2 ગુજરાતની ખેત પેદાશોને થતા રોગો સંબંધમાં નીચેના પૈકી કયા જોડકાની માહિતી અસત્ય છે ?

(A) શેરડી - રાતડો - પર્ણની મધ્યશિરા ઉપર નાનાં-નાનાં લાલ ટપકાં દેખાય છે.

(B) મગફળી - ગેરુ - પર્ણની નીચે ભૂખરા રંગનાં ટપકાં દેખાય છે તથા પાન ચીમળાઈને ખરી પડે છે.

(C) વટાણા - સુકારો - પર્ણ પીળાં પડીને સુકાઈ જાય છે તથા મૂળ કાળાં પડીને સુકાઈ જાય છે.

(D) ઘઉં - ખડખડીયો - પર્ણ ઉપર સફેદ રંગનાં તથા પીળા રંગનાં ટપકાં થાય છે.

3 સેન્દ્રીય ખાતર (Compost Manure) બનાવવા માટેનું સર્વ સામાન્ય માપ કયું ગણાય?

| | લંબાઈ આશરે | પહોળાઈ આશરે | ઊંડાઈ આશરે |
|---|---|---|---|
| (A) | 4 થી 5 મીટર | 1.5 થી 1.8 મીટર | 1.00 થી 1.8 મીટર |
| (B) | 8 થી 9 મીટર | 3.5 થી 4.5 મીટર | 2.5 થી 5.5 મીટર |
| (C) | 1.5 થી 2.3 મીટર | 0.5 થી 0.75 મીટર | 2.0 થી 2.9 મીટર |
| (D) | 2.5 થી 3.0 મીટર | 3.0 થી 4.0 મીટર | 3.0 થી 3.5 મીટર |

4 ધંધાના બંધારણની દષ્ટિએ અમૂલ ડેરી શું ગણાય ?

(A) લિમિટેડ કંપની (B) પ્રાઇવેટ કંપની

(C) સહકારી ફેડરેશન (D) ભાગીદારી પેઢી

5 દેશની ''સોડાએશ''ની કુલ જરૂરિયાતના કેટલા ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે ?

(A) 70% (B) 95%

(C) 60% (D) 50%

6 સોલાર ઊર્જા (Solar Energy) માટે ગુજરાતે કેટલા મેગાવોટ્સ એલોટ કર્યા છે ?

(A) 500 મેગાવોટ્સ (B) 716 મેગાવોટ્સ

(C) 360 મેગાવોટ્સ (D) 400 મેગાવોટ્સ

7 નીચે દર્શાવેલ ગુજરાતી સાહિત્ય સર્જક અને તેમના સ્થળ પૈકીની કઈ જોડ સાચી નથી ?

(A) મહાકવિ પ્રેમાનંદ - વડોદરા

(B) ભક્ત કવિ દયારામ - ડભોઈ

(C) ભક્ત કવિ નરસિંહ મહેતા - જૂનાગઢ

(D) કવિવર નર્મદ - સુરત

8 ખોડીદાસ પરમાર એ કઈ કલાના સાધક છે ?

(A) સંગીત (B) ચિત્ર
(C) શિલ્પ (D) નૃત્ય

9 નર્મદા સ્તુતિ ''નમામિ દેવી નર્મદે....'' સાથે નીચેની કઈ કડી જોડાયેલી છે ?

(A) ત્વદીય પૂણ્ય દર્શનમ્ (B) ત્વદીય પાદ પંકજમ્
(C) ત્વદીય ફલ દાયકમ્ (D) ત્વદીય નામ સ્મરણમ્

10 ગુજરાતના પર્વતો સંબંધમાં નીચેના પૈકી કઈ માહિતી સાચી નથી ?

(A) પાવાગઢ - મહાકાલી મંદિર - હાલોલ તાલુકો
(B) ગબ્બર - અંબાજી માતા મંદિર - દાંતા તાલુકો
(C) ચોટીલાડુંગર - ચામુંડા માતા મંદિર - ચોટીલા તાલુકો
(D) તારંગા - અજીતનાથ જૈન મંદિર - મહેસાણા તાલુકો

11 ગુજરાતનાં ધાર્મિક સ્થળો અંગેની નીચેની એક જોડ ખોટી છે.

(1) ડાકોર - જિલ્લો : ખેડા - દ્વારકાધીશ મંદિર
(2) ઉનાવા - જિલ્લો : પાટણ - મીરા દાતારની દરગાહ
(3) ભદ્રેશ્વર - જિલ્લો : કચ્છ - ભગવાન મહાવીરનું જૈન તીર્થ
(4) ઉદવાડા - જિલ્લો : વલસાડ - પારસી તીર્થધામ

(A) (2)
(B) (1)
(C) (4)
(D) (3)

12 ''ભારતીય સંસ્કૃતિ મંદિર'' (ઈન્ડોલૉજી) સંબંધમાં નીચેની કઈ બાબત સાચી છે ?

(A) આ સંસ્થા ગાંધીનગર સ્થિત અક્ષરધામ સંકુલનો એક ભાગ છે.
(B) આ સંસ્થા વડોદરામાં આવેલા પુરાતત્ત્વીય ખાતાના મ્યુઝિયમ સાથે જોડાયેલી છે.
(C) ભુજના સંગ્રહાલય સાથે આ સંસ્થા જોડાયેલી છે.
(D) 75000 થી વધુ હસ્તપ્રતો ધરાવતી આ સંસ્થા અમદાવાદમાં આવેલી છે.

13 ગુજરાતના સમાજ સુધારકોની પ્રવૃત્તિઓમાં નીચેના પૈકી એક જોડકું સાચું નથી.

(A) દુર્ગારામ મહેતા (સુરત) - માનવ ધર્મ સભાની સ્થાપના
(B) કરસનદાસ મૂળજી (રાજકોટ) - વિદ્યાગુણ પ્રકાશ ધર્મ સભા મારફતે સમાજ સુધારાના પ્રયાસ
(C) કવિ નર્મદ (સુરત) - વિધવા વિવાહને સમર્થન તથા વિધવાને પોતાના ઘરમાં આશ્રય
(D) પુષ્પાબહેન મહેતા (રાજકોટ) - વિકાસગૃહ નામની સ્વરોજગારી આપતી સંસ્થાનો પ્રારંભ

14 સોમનાથ જ્યોતિર્લિંગ સંબંધમાં કઈ માહિતી ખોટી છે ?

(A) 1947 આઝાદી પછી સરદાર પટેલ સોમનાથની મુલાકાત લઈ સરકાર દ્વારા નવું મંદિર બાંધવાનો સંકલ્પ કરેલો.

(B) 1951માં રાષ્ટ્રપ્રમુખ રાજેન્દ્ર પ્રસાદે જ્યોતિર્લિંગની પ્રતિષ્ઠા કરેલી.

(C) 1950 સોમનાથ મંદિર નિર્માણ અર્થે વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ શિલાન્યાસ કરેલો.

(D) 1947 આઝાદી પછી સોમનાથ મંદિર નિર્માણની જવાબદારી પ્રભાશંકર સોમપુરાને સોંપાયેલી.

15 ક્રિકેટની વિશ્વકપ ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાના પાંચ ખેલાડી સમાન રીતે આઉટ થયા હતા, કઈ રીતે ?

(A) કોટ બિહાઈન્ડ
(B) સ્ટમ્પ્ડ
(C) ક્લીન બોલ્ડ
(D) રન આઉટ

16 વિશ્વનાથ આનંદ પછી ભારતમાં ચેસ ગ્રાન્ડ માસ્ટર કોણ બન્યું ?

(A) કોનેરુ હમ્પી
(B) અભિજિત કૂંટે
(C) દિવ્યેન્દુ બરુઆ
(D) પ્રવિણ થીસ્સે

17 ભારતના કયા રાજ્યમાં દર વરસે ગ્રામીણ ઓલિમ્પિક યોજાય છે ?

(A) હરિયાણા
(B) પંજાબ
(C) ઉત્તર પ્રદેશ
(D) હિમાચલ પ્રદેશ

18 દ્રોણાચાર્ય એવૉર્ડ, રાજીવ ગાંધી ખેલ રત્ન એવૉર્ડ અને અર્જુન એવૉર્ડ મેળવનાર ભારતીય ખેલાડી કોણ ?

(A) ચેતન આનંદ
(B) પ્રકાશ પદુકોણે
(C) કપિલ દેવ
(D) ગોપીચંદ

19 ભારતને કઈ રમતમાં વધુ ઓલિમ્પિક ચંદ્રકો મળ્યા છે ?

(A) કબડ્ડી
(B) હોકી
(C) કુસ્તી
(D) ક્રિકેટ

20 ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળની પ્રથમ વ્યાયામ શાળા (1908) શ્રી લક્ષ્મીનાથ વ્યાયામ શાળાની સ્થાપના છોટુભાઈ પુરાણી અને તેમના સાથીઓએ કોની પ્રેરણાથી કરી હતી ?

(A) પ્રોફેસર રામમૂર્તિ
(B) પહેલવાન ગામા
(C) દારાસિંહ
(D) અરવિંદ ઘોષ

21 રૂપેશ શાહનું નામ કઈ રમત સાથે જોડાયેલું છે ?

(A) ચેસ
(B) બિલિયર્ડ અને સ્નૂકર
(C) ટેનિસ
(D) બેડમિન્ટન

22 નીચેના પૈકી કયો વિકલ્પ ''સખી મંડલ યોજના'' સાથે સહુથી વધુ સંબંધ ધરાવે છે ?
(A) કુટુંબ કલ્યાણ અને મહિલા સ્વાસ્થ્ય
(B) સ્ત્રી સાક્ષરતા
(C) મહિલા અને બાલવિકાસ
(D) ગ્રામીણ ગરીબ મહિલા આર્થિક વિકાસ

23 ગુજરાતની અર્થ વ્યવસ્થા સાથે જોડાયેલા મહાનુભાવ એટલે
(A) પી. એન. ભગવતી (B) ગગનવિહારી મહેતા
(C) મોતીલાલ સેતલવાડ (D) કે. ટી. શાહ

24 નીચેના પૈકી કયા ગુજરાતી મહાનુભાવ સક્રિય રાજકારણમાં ન હતા ?
(A) કનૈયાલાલ મુનશી (B) કિશોરલાલ મશરુવાળા
(C) ગણેશ વાસુદેવ માવળંકર (D) ઉછંગરાય ઢેબર

25 રાષ્ટ્રીય ચેતના લાવવા ગુજરાતમાં સ્થપાયેલી સંસ્થા 'ગુજરાત રાજકીય પરિષદ' (ગુજરાત સભા)ની સ્થાપના ક્યારે અને ક્યાં થઈ ?
(A) સને 1884 - અમદાવાદ (B) સને 1892 - વડોદરા
(C) સને 1905 - કરમસદ (D) સને 1910 - પોરબંદર

26 તોલ-માપનાં ત્રાજવાં-કાંટા માટે કયું ગામ જાણીતું છે ?
(A) સંખેડા (B) શિહોર
(C) વીસનગર (D) સાવરકુંડલા

27 મુક્ત વ્યાપાર ક્ષેત્ર ધરાવતું ગુજરાતનું બંદર એટલે
(A) મુન્દ્રા (B) પીપાવાવ
(C) કંડલા (D) દહેજ

28 ''દેખ બિચારી બકરી કેરો જાતાં ન કોઈ પકડે કાન
એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તુ હિન્દુસ્તાન''
- અંગ્રેજ શાસનથી અંજાઈને દાસત્વની માનસિકતા દર્શાવતી આ પંક્તિઓ કયા કવિની છે ?
(A) ઉમાશંકર જોષી (B) દલપતરામ
(C) બળવંતરાય ઠાકોર (D) કૃષ્ણલાલ શ્રીધરાણી

29 પંચાયતી રાજની ચડતી, પડતી અને સ્થગિતતા સંદર્ભે નીચે પૈકીનો કયો જવાબ સાચો છે ?
(A) 1952-64 ચડતી, 1965-69 સ્થગિતતા અને 1969-77 પડતી
(B) 1952-64 સ્થગિતતા, 1965-69 પડતી અને 1969-77 ચડતી
(C) 1952-64 ચડતી, 1965-69 પડતી અને 1969-77 સ્થગિતતા
(D) 1952-64 સ્થગિતતા, 1965-69 ચડતી અને 1969-77 પડતી

30 પંચાયતી રાજ સંદર્ભે નીચે પૈકી કયું વિધાન માન્ય રાખવાપાત્ર નથી ?

(A) સને 1952માં ગ્રામવિસ્તાર વિકાસ માટે ગ્રામજનોનો સહકાર લઈ સામૂહિક વિકાસ કાર્યક્રમોની શરૂઆત એ પંચાયતરાજનો પાયો ગણાય.

(B) સને 1957માં ગ્રામવિસ્તાર વિકાસની સામૂહિક વિકાસ યોજનાનાં અપેક્ષિત ફળ ન મળતાં બળવંતરાય મહેતાના અધ્યક્ષ પદે પેટા સમિતિની રચના કરાઈ.

(C) સને 1987માં પંચાયતી રાજ્યને મજબૂત કરવા લોકસભામાં વિધેયક રજૂ કરાયું.

(D) 72મા બંધારણીય સુધારા વિધેયકથી પંચાયતી રાજને મજબૂત કરવા વ્યવસ્થિત પ્રયાસો કરાયા.

31 73મા પંચાયતી રાજ બંધારણીય સુધારણા સંબંધમાં નીચેના પૈકી કઈ બાબત સાચી નથી ?

(A) 18 વર્ષની વય પૂર્ણ કરેલ નાગરિકને મતાધિકાર

(B) કુલ બેઠકની 1/3 બેઠકો મહિલાઓ માટે અનામત

(C) રાજ્ય વિધાનસભા ચૂંટણીઓમાં ગેરલાયક ઠરેલ સભ્ય પંચાયતનો સભ્ય બની શકે નહીં

(D) પંચાયતોની ચૂંટણીઓ માટે મતદારયાદીઓ તૈયાર કરવા અને માર્ગદર્શન આપવા દરેક જિલ્લામાં સ્વતંત્ર ચૂંટણીપંચની રચના કરવી

32 પંચાયત માટે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો નથી ?

(A) ગ્રામ્ય વિસ્તાર માટેની સંસ્થા
(B) સ્વ શાસનની સંસ્થા
(C) બંધારણ સૂચિત સંસ્થા
(D) રાજ્ય સરકાર સંચાલિત સંસ્થા

33 બંધારણનો 73મો સુધારો અધિનિયમ 1992, જેનું લક્ષ્ય દેશમાં પંચાયતી રાજ સંસ્થાઓને પ્રોત્સાહિત કરવાનું છે, જે નીચેનામાંથી કઈ વ્યવસ્થા કરે છે ?

(1) જિલ્લા યોજના સમિતિની રચના કરવી
(2) રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તમામ પંચાયતોની ચૂંટણી કરવી
(3) રાજ્ય નાણાપંચની સ્થાપના કરવી

(A) (1) અને (2)
(B) (2) અને (3)
(C) (1) અને (3)
(D) (1), (2) અને (3)

34 ભારતમાં 'ત્રિસ્તરીય પંચાયતી રાજ પદ્ધતિ' અપનાવનાર સર્વપ્રથમ રાજ્ય કયું ?

(A) ગુજરાત
(B) ગોવા
(C) રાજસ્થાન
(D) આંધ્રપ્રદેશ

35 ગુજરાતના સુવર્ણ જયંતી વર્ષની ઉજવણીના સમાપન કાર્યક્રમમાં કઈ બાબત કેન્દ્ર સ્થાને હતી ?

(A) આર્થિક વિકાસ
(B) ઔદ્યોગિક વિકાસ
(C) માહિતી અને પ્રત્યાયન તકનીકી
(D) માનવ સંસાધન વિકાસ

36 ગુજરાતનું પ્રથમ પ્રધાનમંડળ ક્યા સ્થળે રચવામાં આવ્યું હતું ?
(A) કોચરબ આશ્રમ
(B) ગૂજરાત વિદ્યાપીઠ
(C) ગવર્નમેન્ટ પોલિટેકનિક, આંબાવાડી
(D) સાબરમતી આશ્રમ

37 મહારાષ્ટ્રથી અલગ થયા પછી ગુજરાતની પ્રથમ વિધાનસભા ક્યાં બેસતી હતી ?
(A) ગૂજરાત વિદ્યાપીઠ
(B) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ
(C) ગુજરાત કૉલેજ
(D) ગુજરાત યુનિવર્સિટી

38 ઈ. સ. 1956ના વર્ષનું ગુજરાત સંદર્ભે મહત્ત્વ ક્યા કારણે ગણાય ?
(A) આ વર્ષે છપ્પનીયો દુકાળ પડ્યો હતો.
(B) આ વર્ષે ઉછંગરાય ઢેબર સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન બન્યા હતા.
(C) આ વર્ષે મહાગુજરાત જનતા પરિષદની રચના કરવામાં આવી હતી.
(D) આ વર્ષે પીલુ મોદીએ સ્વતંત્ર પક્ષની સ્થાપના કરી હતી.

39 મુંબઈ, મહારાષ્ટ્ર અને ગુજરાત એમ ત્રણ પ્રદેશોના વિભાજનના સમર્થક કોણ હતા ?
(A) ચીનુભાઈ ચીમનલાલ
(B) ભાઈકાકા
(C) મોરારજી દેસાઈ
(D) બાબુભાઈ જ. પટેલ

40 1956, બીજી ઑક્ટોબરે ઈન્દુલાલ યાજ્ઞિકની સભાની સમાંતર કોની સભા ચાલી રહી હતી ?
(A) સરદાર પટેલ
(B) મોરારજી દેસાઈ
(C) જવાહરલાલ નહેરુ
(D) હિતેન્દ્ર દેસાઈ

41 મહાગુજરાત ચળવળ માટે નીચેનામાંથી શું સાચું નથી ?
(A) આંદોલનનું નેતૃત્વ મહાગુજરાત જનતા પરિષદે લીધું.
(B) મહાગુજરાત જનતા પરિષદના અધ્યક્ષ મોરારજી દેસાઈ બન્યા.
(C) ગોળીબાર તપાસ માટે 'નાગરિક તપાસ પંચ' નિમાયું.
(D) મુંબઈ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી યશવંતરાવ ચૌહાણ હતા.

42 ભારતની સહુથી લાંબી રેલવેમાર્ગ ધરાવતી ટ્રેઈન કે જે તારીખ : 19-11-2011થી શરૂ થઈ તે નીચેના પૈકી કયા બે શહેરોને જોડે છે ?
(A) જમ્મુથી કન્યાકુમારી
(B) દિબ્રુગઢ (આસામ)થી કન્યાકુમારી
(C) દિબ્રુગઢ (આસામ)થી ત્રિવેન્દ્રમ
(D) ગૌહત્તી (આસામ)થી કન્યાકુમારી

43 ખાદ્ય સુરક્ષા બિલ 2011 સંદર્ભે નીચે દર્શાવેલ પૈકી કયો વિકલ્પ સાચો છે ?
(A) રૂપિયા 3 અને રૂપિયા 2 પ્રતિકિલોના દરે અનુક્રમે ઘઉં અને ચોખા
(B) રૂપિયા 2 અને રૂપિયા 1 પ્રતિકિલોના દરે અનુક્રમે ચોખા અને અન્ય અનાજ
(C) ફક્ત ગ્રામ્ય વિસ્તારના ગરીબો માટેની યોજના
(D) બાકીના ત્રણે વિકલ્પો સાચા નથી

44 તાતા ગ્રુપના નવા વડા કોણ બન્યા છે ?
(A) ઈન્દ્રા નૂયી
(B) ચંદા કોચર
(C) સાયરસ મિસ્ત્રી
(D) અઝીમ પ્રેમજી

45 માહે ઑગસ્ટ - 2011 માં રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરાઈ છે ?
(A) મમતા શર્મા
(B) ગિરિજા વ્યાસ
(C) યાસ્મીન અબરાર
(D) અંબિકા સોની

46 શ્રીમતી એની બેસન્ટ કઈ સંસ્થા સાથે સંકળાયેલાં હતાં ?
(A) રામકૃષ્ણ મિશન
(B) થિયોસોફિકલ સોસાયટી
(C) બ્રહ્મોસમાજ
(D) આર્ય સમાજ

47 7 સમુદ્રોને તરીને પાર કરનાર વિશ્વની પ્રથમ મહિલા કોણ ?
(A) બુલા ચૌધરી
(B) શીખા ટંડન
(C) અમંદા બિયર્ડ
(D) આરતી સહા

48 ભારતમાં પ્રથમ જ્ઞાનપીઠ એવૉર્ડ વિજેતા મહિલા એટલે
(A) અમૃતા પ્રિતમ
(B) રિન્કુ સિન્હા
(C) લીલા શેઠ
(D) આશાપૂર્ણા દેવી

49 ઠુમરીના પ્રસિદ્ધ ભારતીય કલાકારો એટલે
(A) સિદ્ધેશ્વરી દેવી અને ગિરીજા દેવી
(B) સોનલ માનસિંહ અને યામીની કૃષ્ણમૂર્તિ
(C) સરસ્વતી સેન અને શોભા નાયડુ
(D) પ્રિયંવદા મોહન્તી અને માધવી મુદ્ગલ

50 નીચે દર્શાવેલી પુત્રી-પિતાની જોડીમાં એક સાચી નથી તે કઈ ?
(A) સીતા - જનક
(B) પાંચાલી - દ્રુપદ
(C) અનસૂયા - અત્રિ ઋષિ
(D) ઓખા - બાણાસુર

51 ભારતીય સૈન્યમાં જોડાનાર પ્રથમ મહિલા કોણ ?

(A) અનિતા સુદ (B) પ્રિયા ઝિન્ગાન

(C) રિન્કુ સિન્હા (D) અન્ના ચાંડી

52 ભારતની હાઈકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ કોણ ?

(A) આરતી સિન્હા (B) સોનીયાબહેન ગોકાણી

(C) લીલા શેઠ (D) પુનિતા અરોરા

53 નીચેના આંકડાઓમાં ? ખાલી જગ્યામાં શું આવે ?

(1) 729 (2) 343

(3) 125 (4) ?

(5) 1

(A) 16 (B) 118

(C) 27 (D) 468

54 જો  હોય તો  = શું થાય ?

(A)  (B) 

(C)  (D) 

55 જો ICEની કિંમત 17 હોય અને BAGની કિંમત 10 હોય તો DOGની કિંમત કેટલી થાય ?

(A) 26 (B) 32

(C) 29 (D) 47

56 બે અંકોની એક સંખ્યાના અંકોના સ્થાનની ફેરબદલી કરતાં મળતી સંખ્યા, મૂળ સંખ્યા કરતાં 9 (નવ) વધુ છે, તો મૂળ સંખ્યા કયા વિકલ્પમાં આવેલી છે ?

(A) 27, 86, 54, 36, 59

(B) 38, 32, 63, 31, 24

(C) 87, 65, 46, 94, 74

(D) બાકીના ત્રણે જવાબ સાચા નથી.

57 એક રંગીન કાચિંડો 30 મિનિટમાં 50 સેન્ટિમીટર ઊંચે ચડી તરત જ 10 સેન્ટિમીટર નીચે આવે છે તો 200 સેન્ટિમીટર ઊંચી દીવાલ ચડતાં તેને કેટલો સમય થશે ?

(A) 3 કલાક

(B) 2 કલાક 30 મિનિટ

(C) 2 કલાક 24 મિનિટ

(D) 2 કલાક 16 મિનિટ

58 નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે ?

(A) 2 એ 4નો અવયવી છે.

(B) 2 અને 8નો ગુ. સા. અ. 16 છે.

(C) 2 એ અવિભાજ્ય સંખ્યા છે.

(D) 2 એ સહુથી નાની સંયુક્ત સંખ્યા છે.

59 દશાવતારમાં જે ક્રમમાં રામ, કૃષ્ણ અને બુદ્ધ આવે છે તે રીતે બીજી જોડી નીચેનામાંથી કઈ ગણાય ?

(A) પરશુરામ, નરસિંહ, કચ્છપ

(B) વામન, મત્સ્ય, પરશુરામ

(C) મત્સ્ય, કચ્છપ, વામન

(D) મત્સ્ય, કચ્છપ, વરાહ

60 જો ABCની કિંમત 6 હોય તથા Bની કિંમત 2 હોય તેમજ MNOની કિંમત 36 હોય જેમાં Mની કિંમત 11 હોય તથા WXYની કિંમત 63 હોય જેમાં Yની કિંમત 23 હોય તો BOYની કિંમત કેટલી થાય ?

(A) 48 (B) 38

(C) 36 (D) 78

61 એક વિદ્યાર્થી ગુણાકારમાં એક સંખ્યાને 27 ના બદલે 72 થી ગુણાકાર કરે તો સાચા ઉત્તરમાં 23175 જેટલો વધારો થાય છે તો તે સંખ્યા કઈ ?

(A) 415 (B) 515

(C) 615 (D) 715

62 ભારતીય રિઝર્વ બેન્કના હાલના ગવર્નરનો કાર્યકાળ તાજેતરમાં 2 વર્ષ માટે વધારવામાં આવ્યો છે, તેમનું નામ

(A) સી. રંગરાજન

(B) ડૉ. આઈ. જી. પટેલ

(C) ડૉ. એમ. વી. સુબ્રમણ્યમ્

(D) ડૉ. ડી. સુબ્બારાવ

63 ઑગસ્ટ 2011 માં પરીક્ષણ કરાયેલ 'બ્રહ્મોસ' મિસાઇલ સંબંધે નીચેના પૈકી કઈ બાબત સાચી છે ?

(A) ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મસ્કોવા નદીનાં નામ જોડી 'બ્રહ્મોસ' નામ અપાયું છે.

(B) બ્રહ્મા - વિષ્ણુ - મહેશ માંથી બ્રહ્મા અને મહેશનું નામ જોડી 'બ્રહ્મોસ' નામ અપાયું છે.

(C) 'બ્રહ્મ' શબ્દ અનંત સાથે જોડાયેલો હોઈ તેના ઉપરથી 'બ્રહ્મોસ' નામ અપાયું છે.

(D) બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર ઉપરથી 'બ્રહ્મોસ' નામ અપાયું છે.

64 બૅન્કિંગ ક્ષેત્રે સુધારા માટે છેલ્લે રચવામાં આવેલી સમિતિ કયા નામથી ઓળખાય છે ?

(A) રંગરાજન્ સમિતિ
(B) પરમેશ્વરન્ સમિતિ
(C) દામોદરન્ સમિતિ
(D) અહલુવાલીયા સમિતિ

65 ગુજરાતી ભાષાના કયા સાહિત્યકારને બાળ સાહિત્ય પુરસ્કાર 2011 આપવામાં આવ્યો છે ?

(A) હર્ષ બ્રહ્મભટ્ટ
(B) કૃષ્ણ દવે
(C) વિનોદ ભટ્ટ
(D) રમેશ પારેખ

66 સને 2011 દરમ્યાન બે નવા સેટેલાઈટ ઉપગ્રહો - ઇસરો દ્વારા છોડવામાં આવ્યા તે કયા ?

(A) GSET 9 તથા GSET 10
(B) GSET 10 તથા GSET 11
(C) GSET 8 તથા GSET 12
(D) GSET 8 તથા GSET 9

67 પૂર્વ એશિયા શિખર પરિષદ 2011 કયા દેશમાં યોજાઈ હતી ?

(A) ચીન
(B) માલદીવ
(C) ઈન્ડોનેશિયા
(D) બર્મા

68 નીચેના પૈકી વિશ્વનું કયું વિકાસશીલ રાષ્ટ્ર સને 2010 માં સૌથી વધુ શસ્ત્રો ખરીદનાર બન્યું ?

(A) ભારત
(B) કેનેડા
(C) ઈરાક
(D) ચીન

69 અમેરિકન મેગેઝિન ફોર્બ્સની ઑગસ્ટ 2011 ની યાદી મુજબ સહુથી નાની વયની શક્તિશાળી મહિલા કોણ ?

(A) હિલેરી ક્લિન્ટન
(B) સોનિયા ગાંધી
(C) મિશેલ ઓબામા
(D) પોપ ગાયિકા લેડી ગાગા

70 સને 2011માં વિશ્વનો 193મો દેશ બન્યો તેનું નામ -
(A) દક્ષિણ સુદાન
(B) ટ્યુનિશિયા
(C) ઓસ્ટ્રીયા
(D) યમન

71 સંયુક્ત રાષ્ટ્ર સંઘની મહાસભા (UNO ની General Assembly)ના 66મા સત્રના અધ્યક્ષ એટલે
(A) જોસેફ ડીસ
(B) અબ્દુલ અજીજ અલનસીર
(C) બાન-કી-મુન
(D) લુઈઝ ઈનાસીયો

72 વિશ્વ એથલેટિક ચેમ્પિયનશિપનું સને 2011નું આયોજન ક્યાં થયેલું ?
(A) મોસ્કો
(B) બ્રાઝીલ
(C) ઉત્તર કોરીયા
(D) દક્ષિણ કોરીયા

73 પનામા દેશના ધ્વજવાળું માલવાહક જહાજ (Cargo Ship) કે જે ઈન્ડોનેશિયાથી ભારત આવતાં માહે ઑગસ્ટ 2011માં દરિયામાં ડૂબી ગયું હતું તે ભારતના કયા બંદરે આવવા નીકળ્યું હતું ?
(A) વિશાખાપટ્ટનમ્
(B) મુંબઈ
(C) દહેજ
(D) કંડલા

74 સને 2011માં અવસાન પામેલા નીચેના મહાનુભાવો પૈકી કોનું નામ સંગીતકાર કે ગાયક તરીકે જોડાયેલું ન ગણાય ?
(A) દેવાનંદ
(B) ભૂપેન હઝારિકા
(C) જગજીતસિંઘ
(D) પંડિત ભીમસેન જોષી

75 જાપાનમાં કુદરતી પ્રકોપ સ્વરૂપે આવેલા સુનામી-ભુકંપની તીવ્રતા કેટલી હતી ?
(A) 6.8 રીક્ટર સ્કેલ
(B) 10.2 રીક્ટર સ્કેલ
(C) 7.0 રીક્ટર સ્કેલ
(D) 8.9 રીક્ટર સ્કેલ

76 ભારતીય ચૂંટણી કમિશને તાજેતરમાં જાહેર કરેલી વિધાનસભા ચૂંટણીઓ માહે જાન્યુઆરી 2012માં કયાં રાજ્યોમાં યોજાશે ?
(A) પંજાબ, ગોવા, ઉત્તરપ્રદેશ, મણીપુર
(B) ગોવા, મેઘાલય, મણીપુર, ઉત્તરાખંડ
(C) પંજાબ, ઉત્તરાખંડ, મણીપુર
(D) ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા

77 નીચેનામાંથી કયા સાધનની માહિતી સંગ્રહ ઘનતા (storage density) સહુથી વધારે છે ?
(A) બ્લ્યુ રે
(B) ડીવીડી
(C) હોલોગ્રાફી સ્ટોરેજ ડિવાઇસ
(D) પેન ડ્રાઇવ

(A)

78 'નિશાન્ત' - એ નીચેનામાંથી શું છે ?
(A) એન્ટિ ટેન્ક મિસાઇલ
(B) ક્રુઝ મિસાઇલ
(C) માનવરહિત એરિયલ વ્હીકલ
(D) અવાક્સ (AWACS)

79 સોનું, પ્લેટિનમ, લોખંડ અને ટંગસ્ટન એ ધાતુઓમાં સૌથી સખત ધાતુ કઈ છે ?
(A) લોખંડ
(B) સોનું
(C) પ્લેટિનમ
(D) ટંગસ્ટન

80 રેડિયો એક્ટિવિટીનો પ્રમાણિત એકમ કયો છે ?
(A) ન્યૂટન
(B) ડાઇન
(C) લક્સ
(D) ક્યુરી

81 પરમાણુ રિએક્ટરમાં હેવી વૉટરનું કાર્ય શું છે ?
(A) ન્યુટ્રોનની ગતિને વધારવાનું
(B) ન્યુટ્રોનની ગતિને ઘટાડવાનું
(C) રિએક્ટરને ઠંડું કરવાનું
(D) પરમાણુ પ્રક્રિયા વધારવાનું

82 પિયુષ (પિચ્યુટરી) ગ્રંથિનો વધારે પડતો અંતઃસ્રાવ
(A) બાળકના વિકાસને રૂંધે છે.
(B) બાળકનાં હાડકાં નબળાં પાડે છે.
(C) બાળકની ઊંચાઈ ખૂબ વધારે છે.
(D) બાળકની ઊંચાઈ વધવા દેતો નથી.

83 મિટિરિયોલૉજી શાસ્ત્ર એ
(A) હવામાનનાં લક્ષણો, ફેરફારોનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.
(B) ભૌતિક વસ્તુઓનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.
(C) સમુદ્રના જીવો, પ્રવાહો, તોફાનોનું અભ્યાસ કરતું શાસ્ત્ર છે.
(D) ધરતીકંપના કંપનોનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.

84 'કાર્તેઝીય ડ્રાઇવર' કયા સિદ્ધાંત પર કાર્ય કરે છે ?
(A) વિદ્યુત વિભાજનનો સિદ્ધાંત
(B) ઉષ્ણતાનયનનો સિદ્ધાંત
(C) ઊર્જા સંરક્ષણનો સિદ્ધાંત
(D) તરતા પદાર્થનો સિદ્ધાંત

85 ચૂંટણીપંચનો ઉલ્લેખ ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં કરવામાં આવેલો છે ?
(A) 356
(B) 382
(C) 280
(D) 324

86 લોકસભાની મુદતના 5 વર્ષના સમયગાળાની ગણતરી માટે પ્રથમ દિવસ કયો છે ?
(A) ચૂંટણીનાં પરિણામોની જાહેરાત શરૂ થવાનો દિવસ
(B) ચૂંટણીનાં પરિણામોની જાહેરાત પૂર્ણ થવાનો દિવસ
(C) નવા ચુંટાયેલા સભ્યોની સંસદની બેઠકનો પ્રથમ દિવસ
(D) ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થયાનો દિવસ

87 ભારતની સંચિત નિધિમાંથી નિધિ ઉપાડવા માટે કોની મંજૂરી ફરજિયાત છે ?
(A) રાષ્ટ્રપતિ (B) વડાપ્રધાન
(C) નાણાં મંત્રી (D) ભારતની સંસદ

88 ભારતના બંધારણના શોષણ સામેના હક્કમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?
(A) વેઠપ્રથા નાબૂદી
(B) ગેરકાયદેસર રીતે સ્ત્રીઓ અને બાળકોની હેરાફેરી
(C) 14 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો પાસે મજૂરી કરાવવી
(D) ખાણો તથા જોખમી ઉદ્યોગોમાં કિશોરોને નોકરીએ રાખવા

89 બંધારણીય કટોકટી એટલે
(A) યુદ્ધ થવાથી રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરાતી કટોકટી
(B) દેશમાં આર્થિક સંકટ ઉદ્ભવતાં પગાર-ભથ્થાં ઘટાડવાં
(C) કુદરતી આપત્તિ, ધરતીકંપ, સુનામી જેવા પ્રસંગોએ જાહેર કરાતી કટોકટી
(D) રાજ્યપાલના અહેવાલના આધારે રાષ્ટ્રપતિ દ્વારા સંબંધિત રાજ્યમાં જાહેર કરાતી કટોકટી

90 નઝીરી અદાલત એટલે
(A) વિવિધ કોર્ટોના ચુકાદા, કાયદાના અર્થઘટનો તથા સ્વીકારાયેલ પ્રણાલીઓના દસ્તાવેજોને સર્વોચ્ચ અદાલત દ્વારા સુરક્ષિત રાખવા
(B) મ્યુનિસિપલ કોર્પોરેશનોની મિલકત સંબંધી કેસો ચલાવતી કોર્ટ
(C) બે નાના તાલુકાઓ વચ્ચે 15-15 દિવસ ચાલતી કોર્ટ
(D) 50 લાખ રૂપિયા સુધીની રકમના દીવાની દાવા ચલાવતી કોર્ટ

91 રાજ્યસભાના $\frac{1}{3}$ સભ્યો
(A) દર વર્ષે નિવૃત્ત થાય છે. (B) દર 2 વર્ષે નિવૃત્ત થાય છે.
(C) દર 3 વર્ષે નિવૃત્ત થાય છે. (D) દર 4 વર્ષે નિવૃત્ત થાય છે.

92 ગુજરાતમાં સહુથી વધારે વરસાદ ક્યાં થાય છે ?
(A) આહવા - તાલુકો : ડાંગ (B) પારડી - તાલુકો : વલસાડ
(C) કપરાડા - તાલુકો : વલસાડ (D) ગણદેવી - તાલુકો : નવસારી

93 ગુજરાતના ભૌગોલિક વિસ્તારનું કદ
(A) આશરે 2 (બે) લાખ ચોરસ કિલોમીટર છે.
(B) આશરે 1 (એક) લાખ ચોરસ કિલોમીટર છે.
(C) આશરે 3 (ત્રણ) લાખ ચોરસ કિલોમીટર છે.
(D) આશરે 5 (પાંચ) લાખ ચોરસ કિલોમીટર છે.

94 નીચેના પૈકી કયું જોડકું સાચું નથી ?
(A) બિન્દુ સરોવર - સિદ્ધપુર - મહેસાણા જિલ્લો
(B) સુદર્શન સરોવર - જૂનાગઢ - જૂનાગઢ જિલ્લો
(C) હમીરસર તળાવ - ભુજ - કચ્છ જિલ્લો
(D) નળ સરોવર - સાણંદ - અમદાવાદ જિલ્લો

95 ગુજરાતની નદીઓ અંગે નીચેના પૈકી કયું વિધાન અસત્ય છે ?
(A) સાબરમતી નદી મેવાડના ઢેબર સરોવરમાંથી નીકળે છે.
(B) તાપી નદીનું મૂળ મધ્યપ્રદેશના બૈતુલ જિલ્લાના મુલતાઈ પાસેના પવિત્ર ઝરામાં છે.
(C) બનાસ નદીનું મૂળ મધ્યપ્રદેશના ઉજ્જૈન વિસ્તારમાં છે.
(D) ભોગાવો નદીનું મૂળ ચોટીલા પાસેના ડુંગરમાં છે.

96 ગુજરાતમાં કુદરતી ખનીજ સંપત્તિ સંબંધિત કાર્યરત સંસ્થા ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC) કયા જિલ્લામાં કાર્યરત નથી ?
(A) કચ્છ (B) અમરેલી
(C) બનાસકાંઠા (D) વડોદરા

97 ગુજરાતનો કયો ભાગ 'બેસાલ્ટ અગ્નિકૃત ખડક'નો બનેલો છે ?
(A) કચ્છનો ડુંગરાળ પ્રદેશ (B) તળ ગુજરાતનો ડુંગરાળ પ્રદેશ
(C) સૌરાષ્ટ્રનો ઉચ્ચ પ્રદેશ (D) ઉત્તર ગુજરાતનો પ્રદેશ

98 ગુજરાતમાં કઈ જગ્યાએ લીલા રંગનો આરસ મળી આવેલ છે ?
(A) પાન્ધ્રો - જિલ્લો : કચ્છ (B) છુછાપુરા - જિલ્લો : વડોદરા
(C) અંબાજી - જિલ્લો : બનાસકાંઠા (D) શિવરાજપુર - જિલ્લો : ગોધરા

99 કૃષિવિષયક બાયોટેક્નોલોજી માટેનું કેન્દ્ર ધરાવતી યુનિવર્સિટી ક્યાં આવેલી છે ?
(A) દાંતીવાડા (B) આણંદ
(C) જૂનાગઢ (D) નવસારી

100 આકાશવાણી કેન્દ્રો અમદાવાદ અને વડોદરાથી રજૂ થતો ખેતીવિષયક કાર્યક્રમ કયા નામે ઓળખાય છે ?
(A) ખેતી એટલે ખેતી (B) ખેતી એ જ જીવન
(C) ખેતી કરીએ ખંતથી (D) ખેતી આપણી સંસ્કૃતિ

SEAL

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરવહી (OMR SHEET) વર્ગ નિરીક્ષકને
પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે.
જો તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી
પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.